સંપાદકીય

અન્નદાતાની આવક

કેન્દ્રીય કૃષિ મંત્રી રાધામોહન સિંહના એ દાવાને નકારી ન શકાય કે છેલ્લાં ચાર વર્ષમાં મોદી સરકારે ખેડૂતોની દશા સુધારવા માટે ઘણું બધું કર્યું છે, પરંતુ એ કહેવું કઠિન છે કે તેમની જેમ સરેરાશ ખેડૂત પણ એ બધી યોજનાઓને સફળ થતી જોઇ રહ્યા હોય, જે ખેતીને લાભદાયક બનાવવા માટે લાગુ કરવામાં આવી છે. નિઃસંદેહ વાત ત્યારે બનશે જ્યારે ખેડૂતોને એ ભરોસો થઈ જાય કે આગામી કેટલાંક વર્ષોમાં તેમની આવક વાસ્તવમાં બેગણી થવા જઈ રહી છે. એનો ઇનકાર નહીં કે મોદી સરકાર વારંવાર એમ કહી રહી છે કે તે ૨૦૨૨ સુધીમાં ખેડૂતોની આવક બેગણી કરવા માટે સંકલ્પબદ્ધ છે અ?ને આ લ-યને હાંસલ કરવા માટે એક પછી એક પગલાં પણ ભરવામાં આવી રહ્યાં છે, પરંતુ ખેડૂતની હાલતમાં ઝડપથી સુધાર થતો હોવાનું દેખાતું નથી, જેનાથી એ માની શકાય કે આગામી ચાર વર્ષોમાં ખેતી નફાનો સોદો બની જશે. જોકે આગામી સામાન્ય ચૂંટણીમાં એક વર્ષની જ વાર છે, એટલે કૃષિ મંત્રાલયે એના પર ધ્યાન આપવું પડશે કે ખેડૂતોની બેચેની કેવી રીતે સમાપ્ત થાય. તેના માટે સૌથી જરૂરી એ છે કે ખેડૂતોને તેમની પેદાશની પડતરનું એટલું વધારે મૂલ્ય મળે કે ખેતી નુકસાનનો સોદો ન રહે અને ખેડૂત પોતાનું અને પોતાના પરિવારનું જીવન સારી રીતે પસાર કરી શકે.

એ સારી વાત છે કે કૃષિ મંત્રીએ એ રેખાંકિત કર્યું કે સરકાર બે ડઝનથી વધારે પાકોના ટેકાના ભાવ તેના પડતરના દોઢ ગણા આપવાની તૈયારી કરી રહી છે, પરંતુ હજુ સુધી એ સવાલનો જવાબ નથી મળ્યો કે આખરે પડતર મૂલ્ય નક્કી કઈ રીતે થશે? પડતર મૂલ્યના નિર્ધારણની પ્રક્રિયા જે પણ હોય, તે ખેડૂતોના હિતોની પૂર્તિ કરનારી અને તેમને સંતુષ્ટ કરનારી હોવી જોઇએ.આ મામલે કૃષિ મંત્રાલય એની અવગણના ન કરી શકે કે ફક્ત યોગ્ય ટેકાના ભાવની જાહેરાત જ પૂરતી નથી. તેની સાથે એ પણ જરૂરી છે કે કૃષિ પેદાશ જાહેર ટેકાના ભાવના આધારે જ ખરીદવામાં આવે. કૃષિ મંત્રી અને તેમનું મંત્રાલય તેનાથી અજાણ ન હોઈ શકે કે કેટલીય વખત સંતોષજનક ટેકાના ભાવની જાહેરાત તો કરી લેવામાં આવે છે, પરંતુ એ ભાવ પર ખેત પેદાશનું વેચાણ એટલા માટે નથી થઈ શકતું, કારણ કે સરકારી એજન્સીઓ પર્યાપ્ત અનાજ ખરીદવામાં સક્ષમ નથી હોતી. આ સમસ્યાનું સમાધાન પ્રાથમિકતાના આધારે કાઢવું જોઇએ. તેની સાથે જ કોઈ એવી વ્યવસ્થા પણ કરવી જોઇએ, જેથી ખેડૂત તેનાથી પરિચિત રહે કે કયો પાક ઉગાડવો લાભદાયક છે? કેટલીય વાર ખેડૂત એમ વિચારીને કોઈ પાક ઉગાડે છે કે તેની ઉપજના બહેતર ભાવ મળશે, પરંતુ વ્યાપક પેદાશને કારણે તેના ભાવ ઘટી જાયછે અને આ રીતે તેમને ભરપૂર પેદાશના દુષ્પરિણામ ભોગવવા પડે છે. એ કોઈથી છૂપું નથી કે ખેડૂત ન માત્ર તેનાથી ચિંતિત રહે છે કે ક્યાંક ઉપજ કમજોર તો નહીં રહી જાય, બલ્કે તેનાથી પણ ક્યાંક પેદાશ એટલી વધારે તો નહીં થઈ જાય કે તેના ભાવ ગગડી જાય.

રાજ્યકક્ષાના માન. કૃષિ પ્રધાનના હસ્તે શ્રેષ્ઠ ડેરી સંસ્થાઓને એનડીડીબી ડેરી ઈનોવેશન એવોર્ડઝ એનાયત કરાયા

આણંદ, ભારત સરકારના રાજ્ય કક્ષાના કૃષિ, ખેડૂત કલ્યાણ, અને પંચાયતી રાજ પ્રધાન માન. શ્રી પરશોત્તમ રૂપાલા દ્વારા દેશની ઉત્તમ દૂધ ઉત્પાદક સહકારી સંસ્થાઓનું તેમણે કરેલી પ્રશંસાપાત્ર કામગીરી અને ડેરી પ્રવૃત્તિ દ્વારા મહિલા સશક્તિકરણ બદલ તા.૧ જૂન, ૨૦૧૮ના રોજ આણંદમાં એનડીડીબીના ટી. કે. પટેલ ઓડિટોરીયમમાં બહુમાન કરવામાં આવ્યું હતું. મહિલા વિસ્તરણ અધિકારીઓનું પણ તેમણે મહિલા સશક્તિકરણ માટે કરેલી પ્રશંસાપાત્ર કામગીરીને ધ્યાનમાં લઈ સન્માન કરવામાં આવ્યું હતું.

એનડીડીબીએ ઉત્પાદકોની કામગીરીનું સન્માન કરવાના હેતુથી અને ભવિષ્યમાં તેઓ પોતાના પ્રયાસો જાળવી શકે તે હેતુથી એનડીડીબી ડેરી ઈનોવેશન એવોર્ડ નો પ્રારંભ કર્યો છે. આ એવોર્ડ એક સિમાચિન્હ બની રહે અને સંસ્થાઓ ઉત્તમ પ્રણાલીને અનુસરે, મેનેજમેન્ટ કુશળતા દ્વારા પોતાના બિઝનેસનુ નવતર પ્રકારે, પારદર્શક રીતે, ગુણવત્તાયુક્ત પ્રોડકટસ અને પ્રોસેસમાં સુધારા, કાર્યક્ષમતા, ખેડૂતોને મૂલ્ય, સામાજીક તથા જાતિય સમાવેશીતા અને નાણાંકિય સમાવેશીતાથી વિસ્તરણ કરી શકે તેવો આ બહુમાનનો ઉદ્દેશ છે.(૧૯-૧)

નાના બાળકોએ અમદાવાદમાં આયોજિત મેક્સ કિડ્સ ફેસ્ટિવલ-૨૦૧૮ માં પોતાની પ્રતિભા દર્શાવી

અમદાવાદ, ભારતની અગ્રણી ફેશન બ્રાન્ડ મેક્સ ફેશનએ તેના મેક્સ કિડ્સ ફેસ્ટિવલ ૨૦૧૮ નું ફાઈનલ રાઉન્ડ નું અમદાવાદ ખાતે આયોજિત કર્યું હતું. મેક્સ કિડ્સ ફેસ્ટિવલ એ બાળકો ની અંદર રહેલી પ્રતિભાઓ ને ઉજાગર કરવાનું અને પોતાના શહેર માં એક આઇકન બનવા માટેનું મંચ પૂરું પાડે છે. આ ઈવેન્ટ બાળકો ને ફેન્સી ડ્રેસ, ચિત્રકલા, ગાયિકી અને ડાન્સ માં તેમની પ્રતિભાને રજૂ કરવા માટે પ્રોત્સાહન આપે છે.

આ ઈવેન્ટ માં હજારો બાળકો ની અરજીઓ આવી હતી અને અનેક રાઉન્ડ પછી અમદાવાદ ખાતે ના ફાઇનલ રાઉન્ડ માં શૌર્ય મલાની, હરીન તલાટી,નદીની રાજપૂત અને આશ્રય બરાઈ અનુક્રમે ચિત્રકલા,સિંગિંગ,ડાન્સ એન્ડ ફેન્સી ડ્રેસ માં વિજેતા બન્યા હતા. આ શો એક્ટ્રેસ ફોર્મ મેહતા દ્વારા જજ કરવામાં આવ્યો હતો.

મેક્સ ફેશન ના વેસ્ટ ઓપરેશન્સ ના એ.વી.પી. શ્રી પિયુશ શર્મા એ જણાવ્યું કે "મેક્સ, ખરીદી માટે એક પારિવારિક ગંતવ્ય છે, અમે તેમને અમારા પહેલ દ્વારા નજીક લાવવા અને તેમની સાથે નજીકથી સંલગ્ન હોવાનું માનીએ છીએ. આ કિડ્સ ફેસ્ટિવલ પાછળ નો અમારો વિચાર બાળકો ના ઉનાળા ના વેકેશન ને વધુ આનંદમય બનાવવાનું હતું અને તેમના યુવા દિમાગ માં કૈક શીખવવું અને તેમને ભવિષ્ય માં ઉપયોગી થઇ શકે તેવી અનેક પ્રવૃત્તિઓ તેમને શીખવાડવાનું હતું. (૧૩-૯)

નિકોટેક્ષ ધ્રુમપાન કરનારાઓને આ વર્લ્ડ નો ટોબેકો ડે પર ધ્રુમપાન છોડવા તરફ એક પગલુ ભરવા માટે આગ્રહ કરે છે

અમદાવાદ, વર્લ્ડ નો ટોબેકો ડેના પ્રસંગે ધ્રુમપાન છોડવનાર અગ્રણી બ્રાંડ નિકોટેક્ષ દ્વારા એક અભિયાન લોંચ કરવામાં આવ્યું છે - #EkCigaretteKam. આ અભિયાન ધુમ્રપાન કરનારાઓને તેમની આદત છોડવા - એક સમયે એક સિગારેટ માટે પ્રોત્સાહિત કરવાનો પ્રયત્ન છે. આ અભિયાનના ભાગરૂપે નિકોટેક્ષ વિવિધ માધ્યમ દ્વારા સ્વસ્થ જીવનશૈલી તરફ પહેલુ પગલુ ભરવા માટે આગ્રહ કરે છે.

આ અભિયાન સત્તવાર રીતે ૨૯ મે, ૨૦૧૮ના રોજ ક્રિયાત્મક એન્થમ હમ મે હૈ દમ, રોઝ એક સિગારેટ કમને લોંચ કરવામાં આવ્યું હતું. પ્રખ્યાત સંગીતકાર હનિફ શેખ દ્વારા કમ્પોઝિંગ અને ગાવામાં આવેલુ આ ગીત પ્રાદેશિક ભાષાઓમાં પણ રજૂ કરવામાં આવ્યું છે. આ એન્થમનો હેતુ સંગીતના માધ્યમથી લોકો સુધી પહોંચવાનો છે.

આ પહેલ વિશે જણાવતા સિપ્લા હેલ્થ લિ.ના કેટેગરી ડિરેક્ટર અંશુલ મિશ્રાએ જણાવ્યું, " શુભ ચિંતકોની ટીમ તરીકે, અમે સ્મોકર્સને તેમની ધુમ્રપાનને આદતને ઓછી કે છોડવા તરફ પહેલુ કદમ ભરવા માટેનો હેતુ ધરાવીએ છીએ. અમારા અભિયાન ઈ અ ે ક િસ ગ ર ે ટ ક મ #EkCigaretteKam દ્વારા અમે સ્મોકર્સને કહેવા ઇચ્છીએ છીએ કે અમે સમજીએ છીએ કે ધુમ્રપાન છોડવુ એ અઘરી બાબત છે, પણ જો એક પગલુ ભરવાથી એક સમયે એક સિગારેટ ઓછી કરવાથી લાભા ગાળાએ તે શક્ય બની શકે છે. આ એક ક્રમિક પ્રક્રિયા છે અને તેથી તેમના આ પ્રવાસમાં અમે તેમના વિશ્વાસુ સલાહકાર અને મિત્ર બનવા ઇચ્છીએ છીએ."(૧-૭)

કેટીએમ દ્વારા ગાંધીનગરમાં રોમાંચક સ્ટંન્ટ શોનું આયોજન

ગાંધીનગર, યુરોપીયન રેસિંગ લિજેન્ડ કેટીએમ દ્વારા ગાંધીનગરમાં દિલધડક અને રોમાંચક કેટીએમ સ્ટંન્ટ શોનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સ્ટન્ટ શોનું આયોજન માઈન્ડબ્લોઈંગ સ્ટન્ટ રાઈડ્સ અને પ્રોફેશનલ સ્ટન્ટ રાઈડર્સની ટ્રીક્સ દર્શાવવા માટે કરાયું હતું.

આ સ્ટંટ શો ઈન્ફોસિટી ક્લબ પાર્કિંગ એરિયા, ગાંધીનગર ખાતે આયોજીત કરવામાં આવ્યું હતું. વ્યાવસાયિક સ્ટંટ ટીમે કેટીએમ ડ્યુક બાઈકો પર સ્ટંટ દર્શાવ્યા હતા.

બજાજ ઓટો લિ.ના પ્રોબાઈકીંગના પ્રેસિડન્ટ અમિત નંદીએ કહ્યું હતું, 'કેટીએમ બ્રાન્ડ તેના હાઈ પર્ફોર્મન્સ રેસિંગ બાઈક્સ માટે જાણીતું છે અને અમે હંમેશાં ઈચ્છીએ છીએ કે ગ્રાહકો કેટીએમ બાઈક્સ જે સાહસ અને રોમાંચ આપે છે તેનો અનુભવ કરે. પ્રોફેશનલ્સ સ્ટન્ટ શોનું દરેક મોટા શહેરમાં આયોજન કરવામાં આવે છે અને તેમાં આગળના સમયમાં હજુ પણ વધારો કરવામાં આવશે. કેટીએમ એક એક્સ્લુઝિવ પ્રિમિયમ બ્રાન્ડ છે અને અમે આતુરતા દર્શાવીએ છીએ કે અમે કેટીએમ ગ્રાહકોને આ અનોખા કેટીએમનો ખાસ અનુભવ આપી શકીએ.'

આ ઈવેન્ટ તમામ લોકો માટે ખુલ્લી મુકાઈ હતી અને રોમાંચક સ્ટન્ટ્સથી શહેરમાં ધૂમ મચી ગઈ હતી.

અત્યાર સુધીમાં કેટીએમ સ્ટંન્ટ શોનું આયોજન સુરત, રાજકોટ, અમદાવાદ, કાંચીપુરમ, કોઈમ્બતુર, ચેન્નઈ, વિજયપુર, લખનઉ, ઈન્દોર, જબલપુર, ઔરંગાબાદ, જમ્મુ, જલંધર, જોધપુર, હરિયાણા, નોઈડા, દેહરાદૂન, ધાન્બડ, રાંચી અને અન્ય ઘણાં શહેરોમાં કરાયું છે. (૧૯-૧૦)

નવા પશ્ચિમ ઝોનના અમ્યુકોના ૧૭૦ પ્લોટો હાલ રામભરોસે

અમદાવાદ, અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન સત્તાવાળાઓની ગંભીર બેદરકારી અને ઉદાસીનતાના કારણે શહેરના વિવિધ વિસ્તારોમાં ખુદ અમ્યુકોની માલિકીના પ્લોટો નધણિયાતાં અને લાવારિસ અવસ્થામાં પડી રહ્યા છે અને તેની પર ગેરકાયદે દબાણો, કાયમી દબાણ સહિતના દૂષણોનો ગંભીર ખતરો તોળાઈ રહ્યો છે. જો માત્ર શહેરના નવા પશ્ચિમ ઝોનની જ વાત કરીએ તો, નવા પશ્ચિમ ઝોનમાં જ આવા ૧૭૦ પ્લોટો કમ્પાઉન્ડ વોલ વગરના કે પૂરતી સુરક્ષા કે ફેન્સીંગ વિનાના હોવાથી આ પ્લોટોના કબ્જા અને સુરક્ષાને લઇ ગંભીર સવાલો ઉભા થયા છે. જો કે, અમ્યુકો દ્વારા આ સમગ્ર મામલે હજુ સુધી કોઇ નક્કર આયોજન કર્યું નથી. પરિણામે, અમ્યુકોના આ પ્લોટો પર ગેરકાયદે દબાણથી માંડી અસામાજિક તત્વો અને દબાણકર્તાઓના અડ્ડાનો ખતરો તોળાઇ રહ્યો છે. તાજેતરની સ્ટેન્ડિંગ કમિટીમાં નવા પશ્ચિમ ઝોનના ઈજનેર વિભાગ દ્વારા વેજલપુર, બોડકદેવ, થલતેજ, જોધપુર, ઘાટલોડિયા, ચાંદલોડિયા અને સરખેજ વોર્ડમાં આવેલા અંદાજે ૨૬ મ્યુનિસિપલ માલિકીના પ્લોટને પ્રિકાસ્ટ પેનલની કમ્પાઉન્ડ વોલથી સુરક્ષિત કરવા માટે એક દરખાસ્ત મુકાઈ હતી. સ્ટેન્ડિંગ કમિટીએ આ માટે રૂ.સાત કરોડના ટેન્ડરને મંજૂરી આપી હતી. પરંતુ શહેરભરમાં મ્યુનિસિપલ માલિકીના પ્લોટ પર કેટલાક અસામાજિક તત્વો અને દબાણકર્તાઓ અડ્ડો જમાવીને બેઠાં છે. આવા પ્લોટને દબાણમુક્ત કરવા તંત્ર ઈચ્છાશક્તિના અભાવે લાચાર બન્યું છે. કેટલાક કિસ્સામાં કોર્ટમાં મામલો ગયો હોઈ તંત્ર દ્વારા ઓપરેશન ડિમોલિશનની કામગીરી હાથ ધરી શકાતી નથી.

કેનેરા એચએસબીસી ઓરિએન્ટલ બેંક ઓફ કોમર્સ લાઈફ ઈન્સ્યોરન્સે સારાં પરિણામો દર્શાવ્યાં

મુંબઈ, કેનેરા એચએસબીસી ઓરિએન્ટલ બેંક ઓફ કોમર્સ લાઈફ ઈન્સ્યોરન્સ કંપની લિમિટેડે નાણાકીય વર્ષ ૨૦૧૭-૧૮ માટે તેનાં પરિણામોની જાહેરાત કરી હતી તથા રૂ. ૧૬૮ કરોડનો ચોખ્ખો નફો કર્યો હતો, જે ગયા વર્ષનાં ચોખ્ખા નફાની સરખામણીમાં ૫૧ ટકા વધારે હતો.

કંપનીનો પ્રોડક્ટ પોર્ટફોલિયો તમામ કસ્ટમર સેગમેન્ટમાં ગ્રાહકની વિવિધ જરૂરિયાતો પૂર્ણ કરવા અલગઅલગ સોલ્યુશન પ્રદાન કરે છે. કંપનીએ નાણાકીય વર્ષ ૨૦૧૭-૧૮ દરમિયાન ૫ પ્રોડક્ટ લોંચ કરી હતી, જેનો ઉદ્દેશ ગ્રાહકની આગામી જરૂરિયાતો પૂર્ણ કરવાનો હતો, જેમાં સામૂહિક બજાર સેગમેન્ટને લક્ષ્યાંક બનાવી વાજબી અને સ્પર્ધાત્મક પ્રીમિયમ પર નાણાકીય સુરક્ષા ઓફર કરવા પ્રથમ પીઓએસ પ્રોડક્ટ સામેલ હતી. 'પીઓએસ (પોઈન્ટ ઓફ સેલ) – ઈઝી વીમા પ્લાન' સંપૂર્ણ ટર્મ ઈન્સ્યોરન્સ પ્લાન છે, જે જીવન કવચની સાથે મેચ્યોરિટી સુધી જીવિત રહેવા પર ચુકવણીનાં ગાળાં દરમિયાન ચુકવવામાં આવેલા તમામ પ્રીમિયમ પર વળતર પણ આપે છે.(૧)

મુંબઈમાં સેલ્ફ-ડ્રાઈવ ઈલેક્ટ્રિક વ્હિકલ સેવા પૂરી પાડવા મહિન્દ્રા ઈલેક્ટ્રિક અને ઝૂમકારે જોડાણ કર્યું

મુંબઈ, ૧૯ અબજ ડોલરનાં મહિન્દ્રા ગ્રૂપની કંપની મહિન્દ્રા ઈલેક્ટ્રિક અને ભારતનાં અગ્રણી શેર્ડ મોબિલિટી પ્લેટફોર્મ ઝૂમકારે આજે દેશનાં સૌથી મહત્ત્વપૂર્ણ વ્યાવસાયિક કેન્દ્રમાંનાં એક મુંબઈમાં શેર્ડ મોબિલિટી સોલ્યુશન તરીકે ઈલેક્ટ્રિક વ્હિકલ (ઈવી) ઓફર કરવા તેમની વિશિષ્ટ સેવાને વધારવાની જાહેરાત કરી હતી. આ અંતર્ગત કંપનીઓ મહારાષ્ટ્રમાં ઝૂમકાર પ્લેટફોર્મ પર મહિન્દ્રાની ૫૦ સંપૂર્ણપણે ઈલેક્ટ્રિક સ્માર્ટ કારી રેંજ ઓફર કરશે અને આગામી ત્રિમાસિક ગાળામાં ઈલેક્ટ્રિક વ્હિકલનો આંકડો આશરે ૧૦૦ કારને આંબી જશે.

આ વાહનોને મહારાષ્ટ્રનાં આદરણીય મુખ્યમંત્રી શ્રી દેવેન્દ્ર ફડણવીસની હાજરીમાં મુંબઈની ઓળખ સમાન ગેટવે ઓફ ઈન્ડિયા પર પ્લેટફોર્મ પર લીલી ઝંડી આપવામાં આવી હતી.

આ પહેલનો ઉદ્દેશ સરકારનાં ૨૦૩૦ વિઝન પર નીતિ આયોગનાં રિપોર્ટમાં કરવામાં આવેલી ભલામણોને અનુરૂપ મોડલ તરીકે કનેક્ટેડ, શેર્ડ અને ઈલેક્ટ્રિક મોબિલિટીને પ્રોત્સાહન આપવાનો છે. મુંબઈ દેશનું બીજું સૌથી મોટું કેન્દ્ર છે અને મહત્ત્વપૂર્ણ વ્યાવસાયિક કેન્દ્ર છે, જેથી આ પહેલ માટે આદર્શ પસંદગી બન્યું છે. આ જાહેરાત મહારાષ્ટ્રની ઈલેક્ટ્રિકલ વ્હિકલની નીતિનાં સંબંધમાં હાથ ધરવામાં આવેલી પ્રથમ પહેલોમાંની એક છે.(૧)

ઝી સિનેમા ઓફર કરે છે, સમર બોનાન્ઝા, 'દોપહર ઝી સિનેમા પર' શરૂ થઈ રહ્યો છે

મુંબઈ, આ વર્ષનો એ સમય છે, જ્યારે તમે શાંતિથી ઘરે બેઠા હોય અને ગરમીથી રક્ષણ કરતા હોય અથવા તો, વરસાદની રાહ જોતા હોય અને તમારા ટેલિવિઝન સ્ક્રીન પર અનલિમિટેડ મનોરંજન લાવશે. તો 'બોરિંગ આફ્ટરનૂન કરો કરો બાય, એન્ટરનેઇનિંગ દોપહર કો કરો હાય', કારણકે, ઝી સિનેમા, હોમ ઓફ બ્લોકબસ્ટર, લાવી રહ્યું છે, સૌથી વધુ રાહ જોવાતી વાર્ષિક પ્રોપર્ટી, 'દોપહર ઝી સિનેમા પર' સોમવારથી શુક્રવાર, ૪થી ૧૫મી જૂન, ૨૦૧૮ના રોજ બપોરે ૧૨ વાગ્યે.

'દોપહર ઝી સિનેમા પર'ના પ્રથમ સપ્તાહની શરૂઆત, સોમવાર ૪થી જૂનથી થઈ રહી છે, પ્રેરણાદાયી સ્પોર્ટ નાટ્ય- દંગલની સાથે, ત્યારબાદ હંમેશની પસંદગીની મંકી કિંગ ૧ અને સ્ટુઅર્ટ લિટલ, કોમેડી કેપર્સ જેવી કે, અ ફ્લાઈંગ જટ્ટ, હાઉસફૂલ અને વેલકમ બેક જેવી ઘણીનો સમાવેશ થાય છે. બીજા સપ્તાહમાં મેગા બ્લોકબસ્ટરમાં સોમવાર ૧૧ જૂનના રોજ રોબોટ ત્યારબાદ તારે જમીન પર, સુપરહિરોની એક્શન ફ્રિલક સુપર સિંઘ, હાસ્યના હુલ્લડથી ભરપૂર ફિર હેરા ફેરી અને એક્શન મનોરંજક- મુન્ના માઈકલનો સમાવેશ થાય છે.(૧૯-૮)

Edi:Mayur C. Bhatt, Printer & Publisher-Mayur C Bhatt., Place of Pub: 37/ A, Rajlaxmi Tanament, Opp. Rami Vidhyalaya, Laxmipura, Gorva,Vadodara-Place of Printing : Mahadev Offset, H-47, Ravi Estate Rustam Mill Compound Dudheswar, Ahmedabad-19 Owner: Kalyani Pub. Pvt. Ltd.

Bloom Dekor Limited

CIN: L20210GJ1992PLC017341

Registered Office: Plot No. 267, Village: Oran, Tal: Prantij, N.H.8, Dist. Sabarkantha, North Gujarat - 383
Corp.off: 2/F, Sumel, Sarkhej-Gandhinagar Highway Road, Opp. GNFC Info Tower, Thaltej, Ahmedabad - 380
Ph: 079 - 2684 1916; **Fax:** 079 - 2684 1914; **Email:** redressal@bloomdekor.com; **Web:** www.bloomdekor.com

(Rs. in Lakh except EPS)

Particulars	Quarter ended on 31/03/2018	Year ended on 31/03/2018	Quarter ended on 31/03/2017
	Audited	Audited	Audited
Total Income From Operations	1,806.87	6,694.55	1,825.28
Net Profit / (Loss) for the period (before Tax, Exceptional and/or Extraordinary items)	(327.71)	(369.95)	(155.39)
Net Profit/(Loss) for the period before tax (after Exceptional and/or Extraordinary items)	(327.71)	(369.95)	(155.39)
Net Profit/(Loss) for the period after tax (after Exceptional and/or Extraordinary items)	(103.36)	(150.93)	(113.10)
Total Comprehensive Income for the period [Comprising Profit / (Loss) for the period (after tax) and Other Comprehensive Income (after tax)]	(94.45)	(142.17)	(113.10)
Equity Share Capital	685.00	685.00	685.00
Reserves (excluding Revaluation Reserve as shown in the audited Balance Sheet of the previous year)	-	370.90	-
Earnings Per Share (of Rs 10/- each) (for continuing and discontinued operations)-			
Basic : (not annualzed for the quarter ended)	(1.51)	(2.20)	(1.65)
Diluted:(not annualzed for the quarter ended)	(1.51)	(2.20)	(1.65)

Note:- The above financial is an extract of the detailed format of quarterly Financial Results filed with the Bombay Stock Exchange (BSE Ltd.) under Regulation 33 of the SEBI (Listing Obligation and Disclosure Requirements) Regulation, 2015. The full format of the quarterly Financial Results are available on the Bombay Stock Exchange Website at www.bseindia.com and Company's website at www.bloomdekor.com.

For,Bloom Dekor Limited
Sd/-
Karan Gupta
Executive Director
DIN: 03435462

Place: Ahmedabad
Date: June 1, 2018

સીકયુરીટીઝ એન્ડ એક્ષચેન્જ ઓફર બોર્ડ ઓફ ઈન્ડીયા (સેબી) સરકયુલર નં. સેબી-એચઓ-એમઆરડી-ડીએસએ-સીઆઈઆર-પી-૨૦૧૬-૧૧૦ તારીખ ૧૦મી ઓકટોબ્બર ૨૦૧૬ (એકઝીટ સરકુયલર)ના મુજબ એકઝીટ પબ્લીક જાહેરાત પબ્લીક શેરહોલ્ડરો ધ્યાન આપે

એલેક્ષી ફાઈનાન્સીયલ લીમીટેડ

સીન : L67120PB1995PLC016127
રજીસ્ટાર ઓફીસઃ રૂમ નં. ૪૬૧-૪૬૨, લુધીયાણા સ્ટોક એક્ષચેન્જ બીલ્ડીંગ, ફીરોઝ ગાંધી માર્કેટ, લુધીયાણા-૧૪૦૦૧
ટેલી ફોનનં : ૦૧૬૧-૫૦૬૫૧૬૫- **ઈમેલ :** alexifinancials@gmail.com

લોકો માટે જાહેરાત (પીએ) એલેક્ષી ફાઈનાન્સીયલ લીમીટેડ (ધ કંપની)ના પ્રમોટર શ્રી રાકેશ કુમાર ઉપ્પલ મારફતે કરવામાં આવી હતી કે જે એક્સકલ્ઝીવ લીસ્ટેડ કંપની કે જ સીકયુરીટીઝ અન્ડ એક્ષચેન્જ ઓફર બોર્ડ ઓફ ઈન્ડીયા (સેબી) સરકયુલર નં. સેબી-એચઓ-એમઆરડી-ડીએસએ-સીઆઈઆર-પી-૨૦૧૬-૧૧૦ તારીખ ૧૦મી ઓકટોબ્બર, ૨૦૧૬ના સરકયુલર ના મુજબ જારી કરવામાં આવી છે કે પબ્લીક શેર હોલ્ડરોને (નોન પ્રમોટર્સ)ને કંપનીમાંથી નીકળી જવાની તક આપવામાં આવે છે.

હકીકત

ધ કંપની કે જે દિલ્હી સ્ટોક એક્ષચેન્જ (પ્રાદેશીક સ્ટોક એક્ષચેન્જ, લુધીયાના સ્ટોક એક્ષચેન્જ, જયપુર સ્ટોક એક્ષચેન્જ અને અમદાવાદ સ્ટોક એક્ષચેન્જમાં ઈએલસી લીસ્ટેડ છે. ઉપરોકત સ્ટોક એક્ષચેન્જોની માન્યતા રદ થતા કંપની ફેલાવો ધરાવાતા બીએસઈ લીમીટેડ બોર્ડમાં મુકાઈ છે. કંપનીને લાગ્યું કે તે રાષ્ટ્રીય કક્ષાના સ્ટોક એક્ષચેન્જ નેશનલ સ્ટોક એક્ષચેન્જમાં જવા માટે સક્ષમ નથી તેથી જાહેર શેર હોલ્ડરોની નીકળી જવાની તક આપવાનો નિર્ણય કરવામાં આવ્યો છે .

ઉપર જણાવેલા સેબીના સરક્યુલર મુજબ અને બીએસઈ લીમીટેડ વધારે સ્પષ્ટતા જારી કરી છે. તે માટેની નોટીસ નં.૨૦૧૭૦૭૨૭-૧૮ તા.૨૭મી જુલાઇ, ૨૦૧૭ કંપનીએ આર આર ઈન્વેસ્ટર કેપીટલ સર્વીસીસ પ્રાઈવેટ લીમીટેડની નિમણુંક કરી છે કે જે ૧ મર્ચન્ટ બેંકરની કક્ષાના છે તે સેબી સાથે રજીસ્ટર છે અને બીએસસી લીમીટેડની પેનલ પર સ્વતંત્ર્ય વેલ્યુલર તરીકે છે. (સ્વંતંત્ર્ય વેલ્યુલર) તે એલેક્ષી ફાઈનાન્સીયલ લીમીટેડના શેરની કિંમત નક્કી કરવા માટે અને પ્રમોટર અને ધ કંપનીને આકસ્મીક જરૂર પડે તે માટે સ્વતંત્ર્ય વેલ્યુલર જે અસરકારક પધ્ધતિ હોય તેને ગણતરીમાં લીધી છે તેમણે તા. ૨૧મી માર્ચ, ૨૦૧૮ના રોજ તેમનો વલ્યુએશન રીપોર્ટ આપ્યો છે. કેપનીના એક ઈકવીટી શેરની કિંમત રૂ. ૬.૨૨ નક્કી કરવામાં આવી છે તે નિકળી જવાની દરખાસ્ત તા.૩૦મી એપ્રિલ, ૨૦૧૮ ના રોજ તમામ જાહેર શેર હોલ્ડરોને મોકલી આપવામાં આવી છે. કુલ ૯૦૮૩૦૦ ઈકવીટી શેર છે તે પૈકી સોળ શેર હોલ્ડરો પાસે ૫૦૦૪૦૦ ઈકવીટી શેર ધારકોએ તેમની મંજુરી આપી છે અને બાકીના શેર હોલ્ડરોએ આ નીકળી જવાની દરખાસ્ત જે કંપનીના પ્રમોટર ધ કંપની શ્રી રાકેશ કુમાર ઉપ્પલ આપી છે તેનો ઈન્કાર કર્યો છે. તેમ છતા બાકીના અને જેમણે નિકળી જવાની દરખાસ્તમાં પોતોની મંજુરી આપી નથી તેમને કંપનીના પ્રમોટર શ્રી રાકેશ કુમાર ઉપ્પલે દરખાસ્તનો પત્ર તા.૨૨મી મે, ૨૦૧૮ના રોજ મોકલી આપ્યો છે.

દરખાસ્તનો વ્યાપ (ઈકવીટી શેરના સંબંધમાં)

જે સોળ શેર હોલ્ડરો ૫૦૦૪૦૦ શેર ધરાવે છે તેમણે તેમની મંજુરી આપી છે બાકીના કંપનીના જાહેર શેર હોલ્ડરોએ કંપનીના પ્રમોટરોએ આપેલી નીકળી જવાની દરખાસ્તમાં પોતાના શેર આપવાનો ઈન્કાર કરેલો છે તેમ છતા પ્રમોટરો મારફતે જાહેર શેર હોલ્ડરોનો નીકળી જવાની દરખાસ્ત આપવી તે આવકાર દાયક છે કે બાકીના જાહેર શેર હોલ્ડરો માટે જૈમણે તેમની મંજુરી આપી છે તે જાહેર શેર હોલ્ડરોનું કદ ઘટાટ્યું. હવે પ્રમોટરો ચોખ્ખી દરખાસ્ત બાકીના શેર હોલ્ડરોને કે જેઓ (૩૭૭ ઈકવીટી શેર ધારકો) પાસે ૪૦૭૯૦૦ ઈકવીટી શેર છે તે શેર ધારણ કરવાની દરખાસ્ત આપે છે. જે શેર હોલ્ડરોએ તેમની મંજુરી આપી નથી તે અને બાકીના કંપનીના જાહેર શેર ધારકો માટે નીકળી જવાની દરખાસ્તમાં ભાગ લે તે ઈચ્છનીય છે.

લોકો માટે જાહેરાત થઇ તે તારીખની શેર ધારકોની પધ્ધતિ :

કેટેગરી	શેયરોની સંખ્યા	શેયરધારકો ની સંખ્યા
ટોટલ પેઈડ અપ કેપીટલ	૧૮૮૮૧૦૦	૩૯૮
પ્રમોટર્સ અને પ્રમોર્સ ગ્રુપ	૯૮૯૮૦૦	૫
પબ્લીક શેયર હોલ્ડર્સ	૯૦૮૩૦૦	૩૯૩
જાહેર શેયર ધારકો જેમણે મંજૂરી આપી છે, તે સિવાયના જાહેર શેયર ધારકો	૫૦૦૪૦૦	૧૬
જાહેર શેયર ધારકો માટે કુલ ઓફર	૪૦૭૯૦૦	૩૭૭

દરખાસ્તની કિંમત :

સ્વાતંત્ર્ય વેલ્યુલર આરઆર ઈન્વેસ્ટર કેપીટલ સર્વીસીસ પ્રાઈવેટ લીમીટેડ. ૧ મર્ચન્ટ બેંકરની કક્ષાના છે તે સેબી સાથે રજીસ્ટર છે અને બીએસસી લીમીટેડની પેનલ પર સ્વતંત્ર્ય વેલ્યુલર તરીકે છે. તા.૨૧મી માર્ચ, ૨૦૧૮ ના રોજ બીએસસીને વેલયુએશન રીપોર્ટ્ આપ્યો છે તેમાં કંપનીના એક ઈકવીટી શેરની કિંમત રૂ. ૬.૨૨, કંપનીના બાકીના શેર ધારકો માટે એસક્રો ખાત